| | | | | |
|---|---|---|---|---|
| આંક | : | ૬ | | |
| દાખલ તારીખ | : | ૦૩ | ૦૩ | ૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૦૯ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| કુલ | : | ૦૦ | ૦૦ | ૦૬ |

# મે.ના.શ્રી છઠ્ઠા અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમાં, ગાંધીનગર.

**ફોજદારી પરચુરણ અરજી નંબર–૩૫૮/૨૦૨૬**

---

**અરજદાર** : **સચિન સુરેશ હરસાના,**
ઉ.વ.૧૮, ધંધો : અભ્યાસ,
રહે.સેકટર–૮, પ્રતાપનગર, જયપુર, રાજસ્થાન.
મૂળ રહે. ગામ.મહોડી, પો.ઘોર, તા.બસેડી,
જી.ધોલપુર, રાજસ્થાન.

**વિરૂધ્ધ**

**સામાવાળા** : (૧) શ્રી સરકાર

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | : | વિ.વ.શ્રી **એ.કે.લાલવાણી** |
| સામાવાળા તરફે | : | વિ.પી.પી.શ્રી **એચ. એન. રાવલ** |

---

## –:: હુકમ ::–

**(૧)** હાલની અરજી બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ પ્રમાણે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે રજુ કરવામાં આવી છે. અરજદારની સામે સી.આઈ.ડી.સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ગુ.ર. નં.–૧૧૨૦૧૦૧૮૨૬૦૦૧૫/૨૦૨૬, બી.એન.એસ. કલમ–

૩૧૮(૪), ૩૧૯(૨), ૩૩૬(૩), ૩૩૮, ૬૧(૨), ૩૪૦, ૩૪૦(૨), આઈ.ટી.એકટની કલમ –૬૬(સી), ૬૬(ડી) મુજબનો ગુનો નોંધાયેલ છે.

(૨) **<u>બનાવની ટુંકમાં વિગત:–</u>** બનાવની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપીઓએ સાથે મળી સોમનાથ ટ્રસ્ટ હસ્તકની સોમનાથ સાગર દર્શન, લીલાવતી અતિથીભવન તથા મહેશ્વરી સમાજ અતિથી ગૃહ નામની હોટલોના નામની એ.આઈ દ્વારા ફેક વેબસાઈટો બનાવી તથા AGODA પ્લેટફોર્મ પર સોમનાથ ટ્રસ્ટની મંજુરી વગર હોટલોનું ગેરકાયદેસર રજીસ્ટ્રેશન કરાવેલ અને હોટલના મુળ ફોટાઓનો ઉપયોગ કરી તેમાં એડિટીંગ કરીને ખોટા બુકીગ મોબાઈલ નંબરો દર્શાવી તેમજ પર્યટકોને લોકેશન આપવા માટે લોકેશન ચેન્જર નામની એપ્લીકેશનનો ઉપયોગ કરી પર્યટકોને ભ્રમિત કરતા હોઈ અને સાયબર સીંડીકેટના આરોપીઓ છેતરપિંડીની રૂપિયા મેળવવા સારુ QR CODE સ્કેનર મારફતે રૂપિયા મેળવી તેના બદલામાં એઆઈ દ્વારા જનરેટ કરવામાં આવેલ બુકિંગ રીસીપ્ટ ભોગ બનનારને મોકલી આપતા હતા અને પર્યટકો પાસેથી બુકિંગ અર્થે નાણા મેળવી લઈ નાણા સગેવગે કરી ગુનો આચરી ખોટુ હોટેલ બુકીગ લેવામાં આવતુ હતુ અને તેમ કરીને છેતરપિંડી આચરેલ છે. આ પ્રમાણેનો ગુનો કર્યો છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી લાલવાણીએ રજુઆત કરી છે કે, અરજદાર બિલકુલ નિર્દોષ છે. ખોટી રીતે આ ગુનામાં સંડોવી દેવામાં આવ્યાં છે. અરજદાર ૧૮ વર્ષની ઉંમરના છે. અરજદાર અભ્યાસ કરી રહયા છે. આ ફરિયાદ દાખલ કરવામાં ૩૪ દિવસનો

વિલંબ કરવામાં આવ્યો છે. અરજદાર જે કંઈ જાણતા હતા તે પોલીસને જણાવી દીધું છે. હવે તપાસના હેતુ માટે અરજદારની કોઈ આવશ્યકતા નથી. પોલીસ અધિકારીએ ગુનો થયાની વાત જાહેર થઈ ગઈ, છતાં લાંબા સમય સુધી ફરિયાદ દાખલ કરેલી ન હતી. અરજદાર સામે જે ગુનો નોંધ્યો છે તેમાં કોઈ હિંસાત્મક કૃત્ય ઈન્વોલ્વ થયેલ નથી. અગાઉ આ કોર્ટે સહ આરોપીઓને જામીન પર મુકત કર્યા છે. તેથી હાલના અરજદારને પેરીટીનો લાભ પણ આપવો જોઈએ. આ તમામ બાબતોને ધ્યાને લઈને જામીન મુકત કરવા વિનંતી કરેલી છે.

(૪) જીલ્લા સરકારી વકીલશ્રી એચ.એન.રાવલ ધ્વારા દલીલ કરવામાં આવી છે કે,હાલના અરજદાર આ ગુનામાં સંડોવાયેલા છે. તેણે ફેક વેબસાઈટ બનાવીને નિર્દોષ માણસોને છેતરીને તેની પાસેથી પૈસા મેળવ્યા છે. હાલના અરજદાર વેબસાઈટ બનાવાનું કામ કરતા હતા. આમ ગુનાનાં મુખ્ય સુત્રધાર છે. તેથી અરજદારને જામીન મુકત કરવા જોઈએ નહી.

**(૫) મારુ એવુ માનવુ છે કે, અરજદારને યોગ્ય શરતોને આધીન જો જામીન મુકત કરીએ તો તે વધારે ઉચિત છે તે માટેના કારણો નીચે મુજબ છે.**

**(એ)** જે રીતે આ ગુનાહિત કૃત્ય કરવામાં આવ્યું છે તે ફરિયાદમાં જણાવ્યું છે તે પ્રમાણે સોમનાથ ટ્રસ્ટ ધ્વારા યાત્રાધામમાં જે યાત્રીઓ આવતા હોય તેને રાખવા માટેની સુવિધા સંસ્થાની વેબસાઈટ મારફતે આપતા હતા. જે જગ્યા ઉપર રહેવા માટેની વ્યવસ્થા ટ્રસ્ટ કરતા હતા તેના જેવા જ નામની બીજી વેબસાઈટ બનાવીને ગ્રાહકોની સાથે છેતરપિંડી કરી ઓનલાઈન બુકિંગ કરી ગ્રાહકો પાસેથી રૂપિયા લઈ ખોટી રસીદ જનરેટ કરી આ રીતે આ ગુનો કર્યો છે. આ ગુનાહિત કૃત્યમાં પોલીસનો કેસ છે તે પ્રમાણે હાલના અરજદાર વેબસાઈટ બનાવવાનું કામ કરતા હતા.

તે ઉપરાંત અન્ય વ્યકિતઓની ખોટી વિગતો મેળવી પૈસા મેળવતા હતા, ખોટી રશીદો આપતા હતા, ખોટા ઈ–મેઈલ કરતા હતા આ રીતે ઈન્વોલમેન્ટ છે. આ રીતે અત્યાર સુધી ૬ થી ૭ લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે અને હાલના અરજદારે રૂપિયા ૨ લાખ જેટલી રકમ પ્રાપ્ત કરી છે. આમ, અરજદારની ગુનામાં પ્રથમ દર્શનીય સંડોવણી છે તેવું જણાય છે. પરંતુ અરજદારનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. આ ઉપરાંત અરજદારની ઉંમર ૧૮ વર્ષની છે.તેથી જો અરજદારને કડક શરતોને આધીન જામીન પર મુકત કરીએ તો તે વધારે ઉચિત છે

(બી) વધુમાં હજુ ગુનાની તપાસ ચાલી રહી છે. આ ગુનાની તપાસમાં અરજદારની હાજરીની આવશ્યકતા ઉભી થાય તેવા કોઈ સંજોગો તપાસ કરનારની એફિડેવિટમાંથી જણાઈ રહયા નથી. અલબત, તપાસ કરનારની એફિડેવિટમાં જે દહેશત વ્યકત કરી છે તે મુજબ અરજદાર જામીન મુકત થયા પછી અરજદાર ફરીથી આવા પ્રકારના કૃત્યમાં સાંમેલ થઈ શકે તથા ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ધ્વારા અરજદાર પાસેથી કબજે લીધેલ મોબાઈલ સ્ટેટમેન્ટની તપાસ થાય તે પહેલા ડિલીટ કરે તેવી દહેશત વ્યકત કરી છે તે સંદર્ભે જરૂરી શરતો મુકી જો અરજદારને જામીન મુકત કરીએ તો તે વધારે ઉચિત છે.

(સી) આ ગુનાની તપાસ પુર્ણ થાય અને ત્યારબાદ ટ્રાયલ શરૂ થાય અને કેસનો અંતિમ નિર્ણય આવે તેમાં ખુબ લાંબો સમય પસાર થાય તેમ છે. હજુ સહ આરોપીઓને પકડવાના બાકી છે. તે જોતા પણ જો અરજદારને જામીન મુકત કરીએ તો વધારે ઉચિત છે અન્યથા પ્રિ ટ્રાયલ કન્વીકશન જેવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય.

ઉપરોકત સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**<u>:: આખરી હુકમ ::</u>**

અરજદાર **સચિન સુરેશ હરસાના**ને **રૂા.૧,૦૦,૦૦૦/–** (અંકે રૂપિયા એક લાખ પૂરા)ના બેલબોન્ડ રજુ કર્યેથી સી.આઈ.ડી.સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુના રજી.નં .૧૧૨૦૧૦૧૮૨૬૦૦૧૫/૨૦૨૬, બી.એન.એસ.કલમ–૩૧૮(૪), ૩૧૯(૨),૩૩૬(૩),૩૩૮,૬૧(૨), ૩૪૦, ૩૪૦ (૨), આઈ.ટી. એકટની કલમ –૬૬(સી), ૬૬(ડી) ના ગુના કામે નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો:–</u>**

**૧.** અરજદાર/આરોપી જે ઈ–મેઈલ આઈડી નો ઉપયોગ કરી ગ્રાહકોને ઈ–મેઈલ કર્યા હતા તે ઈ–મેઈલ આઈડી એકસેસ કરવું નહી. અરજદાર પાસેથી તથા પોલીસે કબજે કરેલા મોબાઈલ ફોનનાં ડેટા સાથે ટેમ્પરીંગ થાય તેવું કોઈ કૃત્ય અરજદારે કરવું નહી.

**૨.** અરજદાર/આરોપીએ ફરિયાદ કે ફરિયાદપક્ષના સાહેદોને ધાક–ધમકી, લોભ–લાલચ પ્રલોભન આપવા–અપાવવા નહી કે ફરિયાદપક્ષના સાહેદ પુરાવા સાથે ચેડા થાય તેવુ કૃત્ય કરવું કરાવવું નહી તેમજ તપાસ કરનાર અમલદારને તથા ગુનાની પોલીસ તપાસમાં પુરતો સાથ સહકાર આપવો.

**3.** અરજદાર/આરોપીએ કોઈ પણ ગુનાહિત પ્રવૃતિઓમાં સંડોવાવું નહીં. સ્વતંત્રતાનો દુરઉપયોગ ન કરવો.

**૪.** અરજદાર/આરોપી તથા જામીનદારે જામીન આપતી વખતે પોતાના રહેઠાણનું પાંકુ અને કાયમી સરનામુ(આધાર પુરાવા તથા ટેલીફોન/મોબાઈલ નંબર સહિત) નું પુરૂ પાડવુ અને તેમાં કોઈ ફેરફાર થાય તો, ટ્રાયલ કોર્ટ તથા સંબંધીત પોલીસ સ્ટેશનને લેખીત જાણ કરવી. જામીનદારે જામીન આપતી વખતે અરજદાર/આરોપીને ઓળખતા હોવા અંગેના જરૂરી પુરાવા રજુ કરવા.

**૫.** અરજદાર/આરોપીએ આ હુકમની તારીખથી છ મહિના સુધી સી.આઈ.ડી.સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં દરેક અંગ્રેજી મહિનાની તારીખ ૧ થી ૫ વચ્ચે કલાક–૧૧:૦૦ થી ૨:૦૦ દરમ્યાન એક વખત અચુક હાજરી પુરાવવી.

**૬.** અરજદાર/આરોપીએ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહીં.

૭. ટ્રાયલ કોર્ટમાં જામીન રજૂ કરવા.

હુકમ આજરોજ તા.૯, માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

તારીખ : ૦૯/૦૩/૨૦૨૬
ગાંધીનગર.

**(વિરેન્દ્રસિંહ જી. રણા)**
છઠ્ઠા અધિક સેશન્સ જજ
ગાંધીનગર.
(GJ 00964)